ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૦૫–૮– ૨૦૧૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળે વાપીની ઈન્ડસ્ટ્રીયલ ટૂરમાં સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના વિકાસના મુદદાઓનો અભ્યાસ કર્યો

સુરત:ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ઈન્ડસ્ટ્રીયલ ટૂર કમિટીના નેજા હેઠળ ચેમ્બરના ૫૦ સક્રિય સભ્યોના પ્રતિનિધિ મંડળે ચેમ્બરના ઉપપ્રમુખશ્રી પરેશ પટેલની આગેવાનીમાં મંગળવારે વાપીની ઈન્ડસ્ટ્રીયલ ટૂર યોજી હતી.

પ્રતિનિધિમંડળે ટેક્ષ્ટાઈલક્ષેત્રમા પ્રખ્યાત એવી વાપી સ્થિત બે કંપનીઓ આલોક ઈન્ડસ્ટ્રીઝ લિ. અને વેલસ્પન ઈન્ડિયા લિ.ની મુલાકાત લઈ એ કંપનીઓમાં કાર્યરત એવી અદ્યતન મશીનરી અને ટેકનોલોજીનો અભ્યાસ કર્યો હતો. ખાસ કરીને ટેરીટોવેલ અને કોટન ફેબ્રિકસના ઉત્પાદનમાં જે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ થાય છે તથા આ કંપનીઓ જે રીતે સમગ્ર પ્રક્રિયાનું મેનેજમેન્ટ કરે છે એ વિશે વિસ્તૃત જાણકારી મેળવી હતી.એ ઉપરાંત પ્રતિનિધિ મંડળે બંને કંપનીઓના અધિકારીઓ સાથે સુરતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગક્ષેત્રે વિકાસની સંભાવનાઓ વિશે સઘન ચર્ચા વિચારણા પણ કરી હતી.જેમાં પ્રતિનિધિ મંડળના સભ્યોએ એ ચર્ચામાં ઉંડો રસ લીધો હતો.

ઈન્ડસ્ટ્રીયલ ટૂર કમિટી ચેરમેન ડો.અનિલ સરાવગીએ આ ટૂરના આયોજન માટે ભારે જહેમત ઉઠાવી હતી.